કાન્તિ ભટ્ટ

## જોખમ ખેડ્યા વગર પ્રેમ મળતો નથી

ઇસ શહર મેં જીને કે અંદાઝ નિરાલે હૈં
હોઠોં પે લતીફે હૈં આવાઝ મેં છાલે હૈં

- જાવેદ અખ્તર

મુંબઇમાં 'લાઇફ ઇન અ... મેટ્રો' ફિલ્મે બુદ્ધિમંતો, ટીનેજરો અને પ્રેમી યુગલ પ્રેક્ષકોમાં ધૂમ મચાવી દીધિ હતી. એમાં આડા સંબંધો અને પ્રેમનો ભરપૂર મસાલો છે. ચાર-ચાર યુગલોના આડા-સીધા પ્રેમસંબંધોની સાથે વયસ્ક થયેલા કે જીવનને કાંઠે આવેલાં ધર્મેન્દ્ર અને નફીસા અલી વચ્ચે પાછલી ઉંમરના પ્રેમની અદ્‌ભૂત વાત બતાવી છે. બંને પાત્રો જુવાનીમાં પ્રેમમાં પડે છે, પણ અલગ-અલગ પાત્રોને પરણીને આખરે વાળ ધોળા થાય છે ત્યારે મોડે-મોડે અચાનક તેમનો ભેટો થાય છે. જો પ્રેમની ઉત્કટતા સાચી હોય તો એક દિવસ પ્રેમીઓ મળે જ છે. ઉદ્યોગપતિ માધવાણીને પણ વાસ્તવિક જીવનમાં બીજી જગ્યાએ પરણવું પડ્યું. પણ પ્રેમિકા વિધવા તઇ અને પોતે પણ વિધુર થયા ત્યારે ૬૦ની ઉંમરે પ્રેમ જાગ્યો અને બંને પરણી ગયાં.

'લાઇફ ઇન અ... મેટ્રો' ની વાર્તા ખરેખર બુદ્ધિમંત લેખકે લખી છે અને એનું બાહોશીથી દિગ્દર્શન થયું છે. એમાં જુવાનો વચ્ચેનો પ્રેમ બતાવ્યો છે અને જોખમ ખેડયા વગર પ્રેમ નથી થતો એ સંદેશ છે.

મોન્ટેલ યુજેમિયો નામના ઇટાલિયન લેખક અને કવિ આમ તો નિરાશાવાદી હતા. તેમણે તેમની એક કવિતાનો ઇટાલિયનમાંથી અંગ્રેજીમાં અનુવાદ કરેલો.

The Spark that is saying
Everything begins
When everything seems
To char black

'લાઇફ ઇન અ... મેટ્રો'ના દિગ્દર્શકે જો કવિતા વાંચી હોત તો તેની ફિલ્મના અર્કરૂપે શરૂમાં કે છેલ્લે આ કવિતા ટાંકત. કવિ મોન્ટેલ કહેવા માગે છે, 'તણખલો માનવીને કહે છે કે હે માનવ, આરામખુરશીમાં બેઠાં-બેઠાં કંઇ સિદ્ધિ મેળવી નથી શકાતી. પ્રત્યેક ચીજ બળીને કે રાખ થાય છે ત્યારે પ્રત્યેક ચીજનો, જીવનનો કે સાચા પ્રેમનો આરંભ થાય છે. જીવનચેતના માટે મરવું પણ પડે. સાચવી-સાચવીને લખી નથી શકાતું. એ તો ભડકો થઇ જવું જોઇએ તો જ કંઇક શરૂઆત થાય..'

તમે કોઇને અંદરથી પ્રેમ કરતા હોવ અને પ્રેમની અભિવ્યક્તિથી ડરો કે પરણવાનો નિર્ણય કરતાં ડરો છો, પ્રેમ તો ખાબકવાની વાત છે, પ્રેમમાં તમે ન ખાબકો ત્યાં સુધી કંઇ ખબર ન પડે, કંઇ ન મળે.

એક ઉર્દૂ શાયરે કહેલું, 'બસ મુઝે યે મત ન પૂછો કી મુઝે ઉનકી તમન્ના કયોં હૈ. ખ્વાબ કુછ સોચ-સમઝકર નહીં દેખે જાતે.' સપનાં સિદ્ધ કરવાં હોય તો ઝંપલાવવું જોઇએ. તણખલો બનીને સળગવા માંડો એટલે પીડાનું હાર્દ સમજાશે અને ત્યારે જ જીવન ધબકતું થશે. એ પછી તમે જીવનમાં પીડાથી નહીં ડરો.

ફિલ્મમાં મુંબઇની ઓફિસોમાં કે બસ-લોકલ ટ્રેનમાં પ્રેમ શરૂ તાય છે. પ્રેમ પલપે છે એની વાતો ખૂબ છે. આડા સંબંધોની પણ વાત છે. ધર્મેન્દ્ર અને નફીસા અલી વચ્ચે પાછલો પ્રેમ તાજો થાય છે અને બંનેના મોઢામાં નકલી દાંતનાં ચોકઠાં અને ચહેરા પર કરચલીઓ હોય છે ત્યારે તેમને નવેસરથી એક જ પલંગમાં રોમેન્સ અને પરોક્ષ રીતે સેક્સ કરતાં બતાવવામાં આવે છે. આખી ફિલ્મ વાસ્તવિક છે. ગુજરાતી પ્રેક્ષકોને તેમનો આ રોમાન્સ ગળે ઊતરતો નહીં હોય. તેણે ખુલ્લે મનથી દુનિયાને જોવી અને પુસ્તકો વાંચવા જોઇએ ચંદ્રકાન્ત બક્ષીએ વૃદ્ધાવસ્થાના પ્રેમનું બહુમાન કરવા એક તદન ખોટું તારણ કાઢેલું કે વૃદ્ધાવસ્થા એટલે એવી અવસ્થા જ્યારે વાસનાની વરાળ થઇ ગઇ હોયછે. વાસનાની વરાળ નથી થતી, મરતાં સુધી વાસના રહે છે.

પ્રેક્ટિકલ શિખામણ: જાવેદ અખ્તર કમાલના ફન્ડામેન્ટલિસ્ટ પ્રેમી છે. તઓ ઇજન આપે છે: આ મેરી જાન મુઝકો ધોખા દે !